Received on : 19-05-2026
Registered on : 19-05-2026
Decided on : 01-07-2026
Duration : Y M D

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી રીવીઝન અરજી નંબર : ૨૭/૨૦૨૬.**

**આંક :–**

**અરજદાર :–** સમા યાસીનભાઈ અલીભાઈ,
ઉ.વ.૩૧,ધંધો–ડ્રાઈવીંગ,
રહે. સેટેલાઈટ સોસાયટી, પ્લોટ ૨૬/૧,
જામનગર.

**– વિરૂઘ્ધ –**

**સામાવાળા** :–શ્રી સરકાર,
નોટીસ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

બાબત : ભારતીય નાગરીક સુરક્ષ સંહિતાની કલમ–૪૩૮, ૪૪૦ હેઠળની રીવીઝન અરજી.

---

| | |
|---|---|
| અરજદાર તરફે વિ.વકીલશ્રી | : વાય.એમ.ઠાકોર. |
| સામાવાળા તરફે વિ. એડી. પી.પી.શ્રી | : વી.જી.દોંગા. |

---

**–: ચુ કા દો :–**

(૧) સદરહુ કામના અરજદારે જૂનાગઢના મહે. ચોથા એડી. ચીફ જયુડી. મેજી. શ્રીએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૧૩૬/૨૬ ના કામેની મુદ્દામાલ અરજી લગત તા.૧૮–૦૩–૨૦૨૬ ના રોજ અરજદારની અરજી

નામંજુર કરતો હુકમ કરેલ તે હુકમથી નારાજ થઈ ભારતીય નાગરીક સુરક્ષ સંહિતાની કલમ–૪૩૮,૪૪૦ હેઠળ હાલની ફેરતપાસ અરજી કરેલી છે.

(૨) સદરહું કામના અરજદારે હાલ ફેરતપાસની અરજી દાખલ કરી જેમાં જણાવેલ કારણો જોવામાં આવે તો,

(એ) નામદાર કોર્ટ દ્વારા કરેલ હુકમ તદન ખોટો તથા ગેરકાયદેસરનો તેમજ ગેરબંધારણીય છે તેમજ કાયદાની જોગવાઈ વિરુદ્ધનો હોઈ જેથી આ હુકમ રદ્ધ થવાને પાત્ર છે તેમજ અમો અરજદારની આ રીવીઝન અરજી મંજુર થવા અરજ છે.

(બી) નીચેની નામદાર કોર્ટ દ્વારા અરજીના અનુસંધાને કોઈ યોગ્ય મુલ્યાંકન કરેલ નથી તથા કાયદાનું ખોટું અર્થઘટન કરીને હુકમ કરવામાં ગંભીર ભૂલ કરેલ હોઈ જેથી નામદાર નીચેની કોર્ટનો હુકમ રદ્ધ થવાને પાત્ર છે તેમજ અમો અરજદારની રીવીઝન અરજી મંજુર થવાને પાત્ર છે.

(સી) નીચેની કોર્ટના હુકમ અમો અરજદારને જબરો અન્યાયકર્તા હોઈ જેથી નામદાર નીચેની કોર્ટનો હુકમ રદ્ધ થવાને પાત્ર છે.

(ડી) આ કામમાં નીચેની કોર્ટમાં અમો એપેલેનટ દ્વારા યોગ્ય દસ્તાવેજો રજુ થયેલા છે તેનું યોગ્ય કાયદાકીય રીતે મુલ્યાંકન કરવામાં આવેલ નથી તથા કાયદાનની જોગવાઈ વિરુધ્ધ ઉડાઈ હુકમ કરવામાં આવેલ છે જેથી નામદાર નીચેની કોર્ટનો હુકમ રદ્ધ થવાને પાત્ર છે.

(ઈ) આ કામમાં અરજીમાં જણાવેલ મુદામાલ આ કામના તપાસ કરનાર અધિકારી દ્વારા જરૂરિયાત મુજબના નમૂનાઓ લાંબા સમયથી લઈ લીધેલ હોઈ તેમજ આ વાહનને લાગત વધારે કોઈ તપાસ કરવાની બાકી રહેલ ન હોઈ જેથી હાલમાં તપાસના કામ સબબ આ વાહનની તપાસ કરનાર અધિકારીને કોઈપણ રીતે જરૂરિયાત ન હોવા છતાં તેમજ આ કામના તપાસ કરનાર અધિકારી દ્વારા મુદ્દામાલ તરીકે કબજે લીલા તેમજ કાળા કલરનો ટાટા કંપનીનો ટ્રક જેના રજીસ્ટ્રેશન નંબર GJ–10–2–6292 સદરહુ મુદ્દામાલના કાયદેસરના માલિક છીએ અને અમો સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ કલેઈમના અમો ખરા અને કાયદેસરના માલિક છીએ અમો સિવાય અન્ય કોઈ કલેઈમ કરનાર નથી. સદરહુ મુદ્દામાલ અમો અરજદારનું રોજીરોટી માટે આ એક મહત્વપૂર્વ સાધન છે તેમજ હાલના મુદ્દામાલ મુજબના વાહન ઉપર અમારા પરિવારનું

ભરણપોષણ કરત આવીએ છીએ..ઉપરોક્ત વાહન ઉપર અમો અરજદાર દ્વારા ધિરાણ કરેલ હોઈ જેનું વ્યાજ ચાલુ હોઈ તેમજ આ વાહન પોલીસ સ્ટેશનમાં બીનઉપયોગી પડી રહેલ છે જે કારણોસર અમોનો આવકનો એકમાત્ર સ્ત્રોત આ વાહન હોઈ જે બંધ થયેલ છે જેથી અમો અરજદારને ખુબજ આર્થીક નુકશાન ભોગવવું પડેલ છે તેમજ અમો અરજદાર ઉપર આ વાહન બંધ પડી રહેવાથી આર્થીક બોજો આવી શકે છે તેમજ અમોના પરિવારની જીવાદોરી ખોરવાઈ શકે છે જેથી ઉપોક્ત કારણોસર નામદાર નીચેની કોર્ટનો હુકમ રદ્ધ કરી અમો એપેલેનટ ની અરજી મંજુર કરવા નમ્ર અરજ છે.

(એફ) હાલનાં આ ગુના સબબ પોલીસને મુદામાલ જપ્ત કરવાની કે મામલતદારશ્રીની પરવાનગી કે હુકમ સિવાઈ તપાસ કરવાની આ કાયદા હેઠળ કોઈ સત્તા આવેલ નાં હોઈ તેમ છતાં ખોટી રીતે પોતાની સત્તાનો દુરપ્રયોગ કરેલ છે તેમજ અમોનું વાહન જપ્ત કરેલ છે તેમજ આ કામમાં અમોનું વાહન આ ગુન્હામાં સંડોવાયેલ નાં હોવા છતાં ખોટી રીતે જપ્ત કરેલ છે તેમજ પુરવઠા અધિકારી દ્વારા આવી કોઈ સ્વતંત્ર તપાસ હાથ ધરેલ ના હોઈ જેથી આ અરજી મુદામાલ અરજી આવ્હાક ચીજ વસ્તુ ધારાની કલમ ૬ (અ) ની જોગવાઈ લાગુ ના પડતી હોવા છતાં નામદાર નીચેની કોર્ટ દ્વારા ખોટો અને ભૂલ ભરેલ હુકમ કારવામાં આવેલ છે.

(૬) સદરહુ આ મુદામાલ લાંબા સમયથી પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે તેમજ અમો અરજદારને આર્થિક ભારણ વળતું જતું હોઈ તેમજ આપ નામદાર કોર્ટને નામદાર ૪ થ જયુડીસીયલ મેજી તથા કલેકટરશ્રી હુકમ રદ્ધ કરવાની સત્તા ધરાવતા હોઈ જેથી અમો નીચેની કોર્ટના હુકમથી નારાજ થઈને સમયમર્યાદા આ અરજી આપ સમક્ષ કરવા ફરજ પડેલ છે.

(૩) હાલની રીવીઝન અરજીમાં સામાવાળાને નોટીસની બજવણી થતા સામાવાળા તરફે વિ.એડી. પી.પી.શ્રી વી.જી.દોંગા હાજર થયેલા છે.

તેમજ મુદદામાલ આવશ્યક ચીજવસ્તુ ધારાની જોગવાઈ અન્વયે પણ કબજે કરવામાં આવેલ હોય, આંક: ૮ થી મામલતદાર કચેરી,પુરવઠા શાખા તરફથી મુદદામાલ બાબતે અભિપ્રાય આપતો રીપોર્ટ કરવામાં આવેલ છે.

(૪) આ કામે અરજદાર તરફે તેમના વિ. વકીલશ્રી વાય.એમ.ઠાકોરએ રજુઆત

કરેલ છે કે, આ કામમાં જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર ૧૧૨૦૩૦ ૨૫૨૬૦૧૩૬ ના કામે બી.એન.એસ. કલમ ૨૮૭, ૨૮૮, તથા આવશ્યક ચીજવસ્તુ ધારા કલમ ૩,૭ મુજબ અરજદારની માલિકીનું વાહન આરોપી મુન્નાભાઈ સદુરભાઈ થરેશા પાસેથી તપાસ કરનાર અધિકારીએ ફરિયાદના કામકાજે મુદામાલ તરીકે માલિકીનું વાહન કબજે કરેલ છે, જે મુદ્ધામાલ તરીકે  અરજદારની માલિકીનો લીલા તેમજ કાળા કલરનો ટાટા કંપનીનો ટ્રક જેના રજીસ્ટ્રેશન નંબર GJ-10-Z-6292 જેના એન્જીન નંબર BS91803121D63255517 જેના ચેસીસ નંબર MAT466388C2D09753 નો મુદ્ધામાલ તરીકે કબજે કરેલ છે જે હાલ પોલીસ કસ્ટડીમાં છે. જે મુદદામાલ પરત મેળવવા એપેલેન્ટ દ્ધારા જુનાગઢના નામદાર ૪ થા એડી.ચીફ જ્યું.મેજી.સાહેબની કોર્ટમાં અરજી કરતા નામદાર કોર્ટ દ્ધારા નીચે મુજબનું તારણ કાઢવામાં આવેલ હતું.

''ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં લેતા હાલના કામે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૩,૭ મુજબના આક્ષેપો હોઈ કલમ ૬ મુજબ અત્રેની અદાલતને મુદદામાલ અંગે હુકમ કરવાની હકુમત ના હોઈ હાલની અરજી મંજુર કરવાનભું ન્યાયોચીત જણાતું નથી. ''

આમ, ટ્રાયલકોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ યોગ્ય અને ન્યાયી ન હોય સદરહુ હુકમ રદૃ કરવા અને હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) જયારે સામાવાળા તરફે વિ. એડી. પી. પી. શ્રી વી.જી.દોંગા હાજર થયેલા અને પોલીસ અભિપ્રાય રજુ રાખેલ છે અને તેઓ તરફે હાલની રીવીઝન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, નામદાર મેજીસ્ટ્રેટે કરેલ હુકમ ગેરકાયદેસરનો અને ભુલ ભરેલો હોય તેવુ જણાઈ આવતુ નથી અને તમામ હકીકતો ધ્યાને લઈ કાયદા મુજબ હુકમ કરેલ હોય જેથી તેમાં કોઈ હસ્તક્ષેપ કરવા પાત્ર ન હોય, અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) સદરહું કામમાં નિર્ણય માટે નીચે જણાવેલ મુદૃા ઉપસ્થિત થાય છે.

૧. શું વિ. જૂનાગઢના ચોથા એડી. ચીફ જયુડી. મેજી. શ્રીએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૧૩૬/૨૬ ના કામેની મુદ્દામાલ અરજી લગત તા.૧૮–૦૩–૨૦૨૬ ના રોજ કરેલ હુકમ ગેરકાયદેસરનો, ભુલ ભરેલો અને રદ થવાપાત્ર છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

(૮) આ કામે આગળની ચર્ચા કરતા પહેલા આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ–૬(એ) તથા ૬(ઈ) ધ્યાને લેવી જરુરી બને છે. જે નીચે મુજબ રહેલ છે.

**6A. Confiscation of essential commodity.—**

(1)Where any essential commodity is seized in pursuance of an order made under section 3 in relation thereto, a report of such seizure shall, without unreasonable delay, be made to the Collector of the district or the Presidency town in which such essential commodity is seized and whether or not a prosecution is instituted for the contravention of such order, the Collector may, if he thinks it expedient so to do, direct the essential commodity so seized to be produced for inspection before him, and if he is satisfied that there has been a contravention of the order may order confiscation of—(a)the essential commodity so seized;(b)any package, covering or receptacle in which such essential commodity is

found; and(c)any animal, vehicle, vessel or other conveyance used in carrying such essential commodity:Provided that without prejudice to any action which may be taken under any other provision of this Act, no foodgrains or edible oilseeds in pursuance of an order made under section 3 in relation thereto from a producer shall, if the seized foodgrains or edible oilseeds have been produced by him, be confiscated under this section:Provided further that in the case of any animal, vehicle, vessel or other conveyance used for the carriage of goods or passengers for hire, the owner of such animal, vehicle, vessel or other conveyance shall be given an option to pay, in lieu of its confiscation, a fine not exceeding the market price at the date of seizure of the essential commodity sought to be carried by such animal, vehicle, vessel or other conveyance.(2)Where the Collector, on receiving a report of seizure or on inspection of any essential commodity under sub-section (1), is of the opinion that the essential commodity is subject to speedy and natural decay or it is otherwise expedient in the public interest so to do, he may —(i)order the same to be sold at the controlled price, if any, fixed for essential commodity under this Act or under any other law for the time being in force; or(ii)where no such price is fixed, order the same to be sold by public auction:Provided that in case of foodgrains, the Collector may, for its equitable distribution and availability at fair prices, order the same to be sold through fair price shops at the price fixed by the Central Government or by the State Government, as the case may be, for the retail sale of such foodgrains to the public.(3)Where any essential commodity is sold, as aforesaid, the sale proceeds thereof, after

deduction of the expenses of any such sale or auction or other incidental expenses relating thereto, shall—(a)where no order or confiscation is ultimately passed by the Collector,(b)where an order passed on appeal under sub-section (1) of section 6C so requires, or(c)where in a prosecution instituted for the contravention of the order in respect of which an order of confiscation has been made under this section, the person concerned is acquitted, be paid to the owner or the person from whom it is seized.

**6E. Bar of jurisdiction in certain cases.—**

Whenever any essential commodity is seized in pursuance of an order made under section 3 in relation thereto, or any package, covering or receptacle in which such essential commodity is found, or any animal, vehicle, vessel or other conveyance used in carrying such essential commodity is seized pending confiscation under section 6A, the Collector, or, as the case may be, the judicial authority appointed under section 6C shall have, and, notwithstanding anything to the contrary contained in any other law for the time being in force, any other court, tribunal or authority shall not have, jurisdiction to make orders with regard to the possession, delivery, disposal, release or distribution of such essential commodity, package, covering, receptacle, animal, vehicle, vessel or other conveyance.

(૯) બન્ને પક્ષોની રજુઆત તથા રેકોર્ડ ધ્યાને લીધુ.

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા :–**

(૧૦) આ કામના અરજદારે હાલની ફેરતપાસ અરજી ભારતીય નાગરીક સુરક્ષા

સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૩૮, ૪૪૦ હેઠળ દાખલ કરેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં ફેર તપાસ અરજીના કામે નિર્ણય કરતી વખતે અદાલતે ખુબ જ મર્યાદિત સત્તાનો ઉપયોગ કરીને મુદ્દાનો ન્યાય નિર્ણય કરવાનો રહે છે. આ કામે અરજદારે જયારે અપીલ અદાલત સમક્ષ હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે ત્યારે રીવીઝન કરનારે સૌપ્રથમ ટ્રાયલ અદાલતનો હુકમ ભુલ ભરેલો અને કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનો તેમજ અનુમાન આધારીત હોવાનુ પુરવાર કરવુ પડે અને તેથી તે હુકમમાં હસ્તક્ષેપ કરવાપાત્ર હોવાનુ આ અદાલત સમક્ષ પ્ર થમદર્શનીય રીતે પુરવાર કરવાનુ રહે છે. સાથે સાથે અદાલત સમક્ષ એવુ પણ સં તોષકારક રીતે પુરવાર કરવુ પડે કે ટ્રાયલ અદાલતે રેકર્ડના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં ખૂબ જ ગંભીર પ્રકારની ભુલ કરેલ છે.

(૧૧) વધુમાં રીવીઝન અંગે સ્કોપ બાબતે ના. સુપ્રિમ કોર્ટના Rajendra Rajoriya VS. Jagat Narain Thapak and another (2018) 17 SCC 234 , ના પેરા– ૧૧ અને ૧૨ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

" 11. At the outset, before we decide the legality of the remand order, we are required to determine the scope of criminal revision under Section 397 read with Section 398 of Cr.P.C. It would be appropriate to reproduce Sections 397 and 398 of Cr.P.C herein.

Section 397. Calling for records to exercise powers of revision.

(1) The High Court or any Sessions Judge may call for and examine the record of any proceeding before any inferior Criminal Court situate within its or his local jurisdiction for the purpose of satisfying itself or himself as to the correctness, legality or propriety of any finding, sentence or order,- recorded or passed, and as to the regularity of any proceedings of such inferior Court, and may,

when calling for such record, direct that the execution of any sentence or order be suspended, and if the accused is in confinement, that he be released on bail or on his own bond pending the examination of the record.

Explanation- All Magistrates whether Executive or Judicial, and whether exercising original or appellate jurisdiction, shall be deemed to be inferior to the Sessions Judge for the purposes of this sub- section and of section 398.

Section 398. Power to order inquiry. On examining any record under section 397 or otherwise, the High Court or the Sessions Judge may direct the Chief Judicial Magistrate by himself or by any of the Magistrates subordinate to him to make, and the Chief Judicial Magistrate may himself make or direct any subordinate Magistrate to make, further inquiry into any complaint which has been dismissed under section 203 of Sub-Section (4) of section 204 or into the case of any person accused of an offence who has been discharged: Provided that no Court shall make any direction under this section for inquiry into the case of any person who has been discharged unless such person has had an opportunity of showing cause why such direction should not be made.

12. A perusal of the aforesaid provisions portray that the revisionary power is exercised either by the Sessions Court or by the High Court and a dismissal of the complaint by the Magistrate under Section 203 of Cr.P.C may be assailed in a criminal revision under Section 397 of Cr.P.C. The ambit of revisional jurisdiction is well settled. Section 397 of Cr.P.C empowers the Sessions Judge to call for and examine the record of any proceeding before any

subordinate criminal court situate within its jurisdiction for the purpose of satisfying itself as to the correctness, legality or propriety of any finding, sentence or order recorded or passed, and as to the regularity of any proceedings of such subordinate Court."

(૧૨) આ કામે રેકર્ડ ધ્યાને લેતા જુનાગઢ તાલુકા પો.સ્ટે.ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૫૨૬૦૧૩૬/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૭, ૨૮૮, ૬૧(૨) તથા આવશ્યક ચીજવસ્તુ ધારા કલમ ૩,૭ તથા એકસ્પ્લોજીવ એકટ ૧૮૮૪ ની કલમ ૯(બી) (૧)(બી) મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. તેમજ ફરીયાદ હકીકતમાં ફરીયાદ મુજબ આ કામના આરોપી નં. (૧)વિપુલભાઈ ધીરૂભાઇ ચોવટીયા ઉ.વ.૩૬ રહે.મોટી મારડગામ તા. ધોરાજી જિ. રાજકોટ તથા આરોપી નં. (૨) જયરાજ ટભાભા ભાટી ઉ.વ.૨૮ શહે. મંડલીકપુર તા.જી.જુનાગઢ વાળાઓ ગેરકાયદેશર રીતે ડીઝલ જેવું ભળતુ ભેળસેળ યુક્ત પેટ્રોલીયમ પ્રવાહી વાહનની ટાંકીમાં ભરી તથા આરોપી નં. (૩) રહીમ ભીખુભાઇ સોઢા ઉ.વ.૩૪ રહે. કોઠારીયા સોલવંઠ રસુલપર શેરી નં ૧૭ રાજકોટ વાળાએ પોતાના હવાલા વાળા ટ્રક રજી.નં.જીજે.૦૩.બી.વી.૮૩૫૧ વાળામાં ગેરકાયદેસર જ્વલનશીલ પ્રવાહી ફ્યુલ તરીકે ભરવા આવી તથા આરોપી નં. (૪) મુન્નાભાઈ દુરભાઇ થરેસા જાતે કોળી ઉ.વ.૩૬ રહે. ડુંગરપુરગામ તા.જી. જુનાગઢ વાળાએ પોતાના હવાલા વાળા ટ્રક રજી. નં. જીજે.૧૦.ઝેડ.૬૨૯૨ વાળામાં ગેરકાયદેસર જ્વલનશીલ પ્રવાહી ફ્યુલ તરીકે ભરવા આવી તથા આરોપી નં. (૫) યુવરાજ જીકાભાઇ આરટીયા ઉ.વ. ૨૧ જાતે કોળી રહે. ડુંગરપુરગામ તા.જી. જુનાગઢ વાળાને સાથે લાવી તથા આરોપી નં. (૬) વિજય કારૂભાઇ જાપડા ઉ.વ. ૩૦ જાતે ભરવાડ રહે. તોરીગામ તા.કુકાવાવ જી અમરેલી પોતાના હવાલા વાળા ટ્રક રજી. નં. જીજે.૦૩.બી.ઝેડ ૫૯૯૨ વાળામાં ગેરકાયદેસર જ્વલનશીલ પ્રવાહી ફ્યુલ તરીકે ભરવા આવી તથા આરોપી નં.(૭) દિનેશભાઇ જીણાભાઈ ચોહાણ ઉ.વ.૪૫ જાતે કોળી રહે. ડુંગરપુરગામ તા.જી. જુનાગઢ પોતાના હવાલા વાળાએ ટ્રક રજી. નં. જીજે.૨૦.યુ.૩૫૭૭ વાળામાં ગેરકાયદેસર જ્વલનશીલ પ્રવાહી ફ્યુલ તરીકે ભરવા આવી તથા આરોપી નં. (૮) દેવાભાઈ અભુભાઇ ઓડેદરા રહે ખડીયા ગામ તા.જી.જુનાગઢ વાળાએ શિવ મરિન સર્વીસ નામથી પોતાની

માલીકીના શેડમાં આવેલ ઓરડીઓમા કોઇ સક્ષમ અધિકારીશ્રીના અધિકૃત પરવાના વગર આર્થીક લાભ મેળવવા શારૂ ગેરકાયદેશર રીતે ડીઝલ જેવું ભળતુ ભળસેળ યુક્ત પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો ગેરકાયદેશર કબજા ભોગવટાવાળા જગ્યામાં જમીનમાં ધાતુનું ટેન્કર ટાંકામાં સ્ટોક રાખી ત્યા આવતા ટ્રકો તેમજ અન્ય વાહનોમાં આરોપી નંબર ૧ તથા ૨ ને નોકરી પર રાખી તેઓ મારફતે અલગ અલગ વાહનોની ટાંકીઓમાં ભરી વેચાણ કરી કરાવી તેઓના કબજા ભોગવટાના ખુલ્લા પેટ્રોલીયમ પ્રવાહી સંગ્રહ કરી તેમજ માણસોની જીંદગી જોખમમાં મુકાઇ તેવો સંભવ સામે પુરતો બચાવ રહે તેવી વ્યવસ્થા જાણી જોઇને ન કરી બેદરકારી દાખવી ગેરકાયદેશર રીતે જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહીનો સંગ્રહ વહન તેમજ વેચાણ કરી વાહનોમાં ડીઝલ જેવુ ભેળસેળયુક્ત જવલનસીલ પેટ્રોલીયમ ભરાવી આર્થીક ફાયદો મેળવી ઉપરોક્ત મુદ્દામાલ સાથે હાજર મળી આવી પકડાય જઇ તથા હાજર નહી મળી આવેલ આરોપી નં. (૯) હશમુખભાઇ અભુભાઇ ઓડેદરા રહે ખડીયા ગામ તા.જી.જુનાગઢવાળાએ પોતાના નામથી આધાર પરવાનો કઢાવી પરવાનાનો ભંગ કરી ઉપરોકત તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલો છે.

(૧૩) આમ, હાલના કામે ગુનાની ફરીયાદ પોલીસ દ્વારા આપવામાં આવેલ છે અને પોલીસ દ્વારા તપાસણી કરવામાં આવેલ છે તેમજ હાલના કામે આંક–૦૮ ના મામલતદાર જુનાગઢ ગ્રામ્યના રીપોર્ટ અન્વયે આવશ્યક ચીજવસ્તુ મુજબ હાલના કામે પોલીસ વિભાગે તપાસણી કરી તે વખતનો સદર હુકમ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ મુજબ સીઝર કરવામાં આવેલ છે અને કલમ– ૬(એ) મુજબ કલેકટરને અહેવાલ કરવાની તેની કાયદાકીય ફરજ રહેલ હતી જે તેમના દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. જેથી આ બાબતે જયાં સુધી આ મુજબનો અહેવાલ કરવામાં ન આવે ત્યાં સુધી કલેકટરશ્રીએ કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી. વધુમાં આ રીપોર્ટમાં જણાવ્યા મુજબ ટ્રાયલકોર્ટ દ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ઈ ના સંદર્ભમાં મુદદામાલ ધરાવતી હકુમત તેઓને ન હોવાનું જણાવી રદ કરવામાં આવેલ. જો કે, કલમ– ૬(એ) મુજબની કાર્યવાહી કલેકટર સમક્ષ પડતર હોય તો જ કોઈક બાધ નડે તેવો અભિપ્રાય હોય અને કલમ– ૬(એ)(આઈ)(સી) ના પરંતુક મુજબ વાહન

છોડવાનો હકક ન હોવાનો અભિપ્રાય થાય છે. ટુંકમાં હાલના કામે ગુના અંગેની આવશ્યક ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ તે બાબતનો રીપોર્ટ કલેકટરશ્રીને કલમ– ૬(એ) મુજબ કરવામાં આવેલ નથી અને કલેકટરશ્રી સમક્ષ કલમ– ૬(એ) મુજબ આવશ્યક ચીજવસ્તુઓ તથા તે ચીજવસ્તુ લઈ જવા માટે વાપરેલ પશુ, વાહન વગેરે કલમ ૬(એ) હેઠળ જપ્તી અનિર્ણીત હોય તે દરમ્યાન આ કબજે લીધેલ ચીજવસ્તુઓ અને વાહન અંગે નિર્ણય કરવા કલેકટરશ્રીને હુકમ કરવા હકુમત રહેલ છે અને તે સંજોગોમાં કોઈપણ કોર્ટ કે ટ્રીબ્યુનલ કે અન્ય કોઈ સત્તામંડળને તેવો હુકમ કરવાની સત્તા રહેશે નહી તેમ જણાવેલ છે. હાલના કામે કલેકટરશ્રીને હાલના કામના ગુના બાબતે રીપોર્ટ કલમ ૬(એ) હેઠળ કરવામાં આવેલ નથી. જેથી હાલના કામની કબજે કરવામાં આવેલ આવશ્યક ચીજવસ્તુ તથા તેના માટે વાપરવામાં આવેલ મુદદામાલ ટ્રક અંગેની કોઈ કાર્યવાહી કલેકટરશ્રી સમક્ષ પેન્ડીંગ નથી. જેથી હાલના કામે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૬ (ઈ) મુજબનો બાધ રહેતો નથી અને તે સં જોગોમાં ટ્રાયલકોર્ટ ધ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૬(ઈ) નો આધાર રાખી જે મુદદામાલ વાહન ટ્રક સોંપણી ન કરવા અંગેનો જે હુકમ કરેલ છે તે ભુલભરેલો હોવાનું ફલીત થાય છે. જેથી તેમાં હસ્તક્ષેપ જરૂરી છે.

(૧૪) વધુમાં આ કામે રેકોર્ડ ધ્યાને લેતા મુદદામાલ ટાટા કંપનીનો ટ્રક જેના રજીસ્ટ્રેશન નંબર GJ–10–Z–6292 છે. જેની આર.સી.બુકની નકલ રજુ રાખેલ છે. જે ધ્યાને લેતા હાલના કામેના અરજદારના નામે રહેલ છે. વધુમાં આ કામે મુદદામાલ કબજે કરેલ પંચનામાની વિગત ધ્યાને હાલના ગુનાના કામે કબજે કરવામા આવેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં આ કામે મુદદામાલ ટ્રક મુન્નાભાઈ દુરભાઈ થરેસાની પાસેથી કબજે કરવામાં આવેલ છે તેઓની મુદદામાલ અરજદારને શોપવામાં આવે તો વાં ધો ન હોવાનુ માર્ક: ૯/૧ ના એકરારનામાથી જાહેર કરેલ છે. તેમજ આ કામે મુદદામાલ વાહનના અન્ય કોઈ માંગણીદાર નથી. તેમજ આ કામે ગુનાની ટ્રાયલ ચાલતા લાં બો સમય પસાર થાય તેમ હોય, આ સમય દરમ્યાન મુદદામાલ ટ્રક પોલીસ સ્ટેશનમાં

બીન–ઉપયોગી પડયો રહે તો તેના સ્પેર પાર્ટસ, બેટરી ખરાબ થઈ જાય તેમ છે. તેમજ આ કામે તમામ સંજોગોને લક્ષમાં લેતાં તથા આ તબબકે નામદાર સુપ્રિમ કોર્ટના **<u>એ.આઈ.આર. ૨૦૦૩. સુ.કો. પેજ નં.– ૬૩૮. સુંદરલાલ અંબાલાલ દેશાઈ –વિ– સ્ટેટ ઓફ ગુજરાત</u>**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ હાલનો મુદામાલ બિન ઉપયોગી પડી રાખવાથી કોઈ હેતુ સરે તેમ નથી. જયારે તેના કબજેદાર–માલિકને નુકશાન થાય છે. ત્યારે સમગ્ર હકીકતો જોતા હાલની અરજી દાદનો ઈન્કાર કરવો ન્યાય સંગત જણાતું ન હોય તેમજ આ કામના અરજદાર જામીન આપવા અને શરતો પાળવા તૈયાર અને ખુશી હોય, આ સંજોગોમાં યોગ્ય શરતોને આધિન મુદ્દામાલનો, કેસ ચાલતા દરમ્યાન વચગાળાનો કબજો પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ માનવુ છે.

(૧૫) જેથી મુદ્દા નં.–૧ નો જવાબ '' હકારમાં '' ઠરાવી મુદ્દા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

(૧) અરજદારની રીવીજન અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

(૨) જૂનાગઢના વિ. ચોથા એડી. ચીફ જયુડી. મેજી. શ્રીનો જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૧૩૬/૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ– ૨૮૭, ૨૮૮, ૬૧(૨) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ– ૩,૭ તથા એકસ્પ્લોજીવ એકટ ૧૮૮૪ ની કલમ– ૯(બી)(૧)(બી) મુજબના ગુનાના કામે મુદદામાલ વાહન લીલા તેમજ કાળા કલરનો ટાટા કંપનીનો ટ્રક જેના રજી. નં. જીજે.૧૦.ઝેડ.૬૨૯૨ ની અરજી લગતનો તા.૧૮–૦૩–૨૬ ના રોજ નામંજુર કરતો કરવામાં આવેલ હુકમ આથી રદ્દ કરવામાં આવે છે.

(૩) જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૧૩૬/૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ– ૨૮૭, ૨૮૮, ૬૧(૨) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ ૩,૭ તથા એકસ્પ્લોજીવ એકટ ૧૮૮૪ ની કલમ ૯(બી)(૧)(બી) મુજબના ગુનાના કામે મુદદામાલ વાહન લીલા તેમજ કાળા કલરનો ટાટા કંપનીનો ટ્રક જેના રજી.નં

.જીજે.૧૦.ઝેડ.૬૨૯૨ તે આ કામના અરજદાર સમા યાસીનભાઈ અલીભાઈ, રહે. સેટેલાઈટ સોસાયટી, પ્લોટ ૨૬/૧, જામનગરનાઓને પંચનામામા જણાવેલ રકમથી દોઢી રકમના જામીન અને તેટલી જ રકમના બોન્ડ જે તે પો.સ્ટે.માં રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧) અરજદારે સદર મુદામાલ વાળા વાહનની ઓળખમાં ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૨) અરજદારે મુદામાલવાળું વાહન કેસ ચાલતા સુધી અન્ય કોઈને કોઈપણ રીતે વેંચાણથી, બક્ષીસથી, ગીરોથી કે કોઈપણ રીતે ટ્રાન્સફર તબદીલ કરવું–કરાવવું નહીં.

૩) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળુ વાહન કોર્ટ ફરમાવે ત્યારે હુકમ મુજબ રજુ કરવાનું રહેશે.

૪) અરજદારે ઉપરોકત મુદ્દામાલ વાળા વાહનનો કોઈ ગેરકાનુની પ્રવૃતિમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં. **તેમજ મુદદામાલ વાહન કાયદેસરના લાયસન્સ ધરાવતા વ્યકિત સિવાય અન્ય કોઈ પણ વ્યકિતને તે ચલાવવા આપવુ નહી.**

૫) અરજદારને મુદ્દામાલ સોંપતી વખતે ત. ક. અમલદારે અરજદારના ખર્ચે મુદ્દામાલ વાહનના ચારેય એંગલથી ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ ઓળખી શકાય તે રીતે ફોટા પાડી અત્રેની કોર્ટમાં રજુ કરવા.

૬) **તેમજ મુદદામાલ ટાટા કંપનીનો ટ્રક જેના રજી.નં.જીજે.૧ ૦.ઝેડ.૬૨૯૨ આપતી વખતે તેમાં જો કોઈ ડીઝલ જેવુ ભળતુ ભેળસ ેળયુકત પેટ્રાલીયમ પ્રવાહી હોય તો તે બે તટસ્થ પંચોની હાજરીમાં પં ચનામાની વિગતે જરુરી સેમ્પલો કાઢી અરજદારના ખર્ચે તે અન્ય રાખી શકાય તેવા સાધનમાં કાઢવુ અને તે અંગેનુ વીડીયોગ્રાફી કરવી. તેમજ આવુ કોઈ પેટ્રાલીયમ પ્રવાહી મળી આવેલ હોય તો તે બાબતે ત.ક.અ. શ્રી તેનો યોગ્ય નિકાલ કરવા માંગતો હોય તો તે અંગેનો ટ્રાયલ કોર્ટ સમક્ષ રીપોર્ટ કરવો કે જેથી તે બાબતે યોગ્ય નિર્ણય થઈ શકે.**

(૪) હુકમ મુજબના જામીન અને જાત મુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

(૫) આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી.

આ હુકમ આજ રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬
જૂનાગઢ.

( **અમિત રમેશભાઈ રાણા** )
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)